મને સાંભરે રે

અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદ, સંચાલિત ગુજરાતી સાહિત્યકોશ કાર્યાલયમાં મુખ્ય સંપાદક તરીકે સેવા આપતા વિદ્વાન સાહિત્યકાર આદરણીય જયંતભાઈ કોઠારીએ, તેઓ 'ગુજરાતી અધ્યાપક સંઘ'ના પ્રમુખ હતા અને હું મંત્રી હતો એ વેળાના પરિચયના આધારે મને ગુજરાતી સાહિત્યકોશ કાર્યાલયમાં અધિકરણ લેખક તરીકે જોડાવા કરેલી દરખાસ્ત અને એ અંગે આપેલી સલાહથી હું ભાવનગરની મારી કૉલેજમાંથી લિયોન મેળવી અમદાવાદ આવીને અધિકરણ લેખક તરીકે ઉત્સાહથી કામ કરતો હતો. એક દિવસ જયંતભાઈએ મને, શ્રી ઝીણાભાઈ રતનજી દેસાઈ 'સ્નેહરશ્મિ'ની સુવિખ્યાત સંસ્થા સી. એન. વિદ્યાલયના શનિવારીય સંમેલનના ઉપક્રમે, પ્રહ્લાદ પારેખની મને ગમતી કોઈ ગીત-રચના વિશેનું આસ્વાદલક્ષી વક્તવ્ય આપવા મોકલ્યો હતો.

મેં ઝીણાદાદાની સંમતિ મેળવીને પ્રહ્લાદની બહુ વખણાયેલી-ગવાયેલી રચના 'સાદ કરે છે'નો રસાસ્વાદ કરાવવાની સંમતિ માગી તો એમણે તે વળતી જ આપી પણ બદલામાં, મારા એ વક્તવ્યમાં એક શ્રોતા તરીકે બેસવાની સંમતિ પણ માગી હતી. કાવ્યાસ્વાદનું એ વક્તવ્ય પૂરું થયું ત્યારે એમણે મારા ખભે હાથ મૂકીને, જરા દબાવીને મને કહેલું, 'રમેશ, દૂરની ડુંગરમાળ, નાનકડું એક તળાવ, કામની વેળા રોજ બોલાવતો સાદ, નદિયું કેરી ભેખડ, ખેતરોની હાર ને જંગલ વીંધતી કેડી, કુદરતનાં આ બધાં વહાલાં-વહાલાં ભેગાં થઈને સાદ કરી-કરીને કોનું દિલ હરી લે છે એ વાત તેં આજે નર્યા તદ્રૂપ થઈને કહીને આ બધા કિશોરકાલીન વિદ્યાર્થીઓને પણ ભર્યાભર્યા તલ્લીન કરી દીધા, એટલું જ નહીં, એ બધાએ પણ તેં એમને પૂછેલા પ્રશ્નોના, કેવા ઊલટ-ઉત્સાહથી – 'હું પહેલો... ના... ના... હું પહેલી'– એવી અધીરાઈથી વણથંભ્યા જવાબો આપતા હતા! અરે, મારી વાત કરું તો આ બધામાં મનેય બહુ મજા પડી હો!'

એમની વાત જ એવી મઝાની ને મર્માળી હતી કે વળતું કહી-કહીને હું શું કહેવાનો હતો? એટલે માત્ર એમની વાતમાં સૂર પુરાવતાં આટલું કહ્યું, 'મનેય એ કાવ્ય સામે બેઠેલા વિદ્યાર્થીઓને ભણાવવાની ખૂબ મઝા પડી હો ઝીણાદાદા!'

વિદાય આપતાં પહેલાં એ મુરબ્બી મને એમની કુટિરમાં ચા પીવા-પાવા લઈ ગયા, ત્યારે થયેલી વાતોમાં એમણે મને ભાવપૂર્વક પૂછેલું, 'રમેશ તું ગામડામાં મોટો થયો છે? એમ હોય તો જ તેં આ કાવ્યમાં આવી સારી લહેર મારી-મરાવીને સૌ વિદ્યાર્થીઓને રાજી-રાજી કરી દીધા ખરું ને?' મેં જવાબમાં માત્ર આમ અને આટલું જ કહ્યું હતું :

'મારું બાળપણ ત્રણ-ચાર હજારની વસ્તીવાળા નાનકડા ગામ સણોસરામાં કોળેલું અને પછીનું શિક્ષણ-ઘડતર, નાનાભાઈ ભટ્ટની નાની-મોટી શાળાઓમાં થયું છે. ત્રીજા-ચોથા ધોરણથી શાળાના બહોળા-પહોળા આંગણામાં જબરું બાગકામ કરીને અને પછી લોકશાળા-

લોકભારતીમાં સ્નાતક થવા સુધી, ખેતી-ગોપાલનનાં કેવાં-કેવાં મઝાનાં કામ કર્યાં છે અને કેવી-કેવી મોજમસ્તી માણી છે એની સાહેદી તો જુઓ, મારી હથેળીમાં પડેલાં આ આંટણ જ પૂરશે! આવાં કામની આવી મઝાની બક્ષિસ તો કોને મળે?' એમ કહેતાં મેં બેય હાથ લંબાવીને એમના હાથમાં મૂકેલા. હાથમાં હજુય જળવાઈ રહેલાં આંટણ પર પસવારેલી આંગળીઓએ પૂરેલી સાક્ષી થકી એમણે ઉમળકાભેર કહેલું, 'તું લોકભારતીનો સ્નાતક છે એ ખબર તો છેક આજે પડી. તું સાચે જ ભાગ્યશાળી ગણાય. પ્રાથમિક શાળાથી માંડીને આવી સંસ્થાઓમાં ભણવાનું-કેળવણી પામવાનું સદ્‌ભાગ્ય તને મળ્યું એ કેવી મઝાની વાત છે? પણ એક વાત કહું? ના, સૂચન કરું? તારે આ તારા વિરલ ઘડતરની કથા લખવી જોઈએ... આ 'કથા' જો જરા મોટી વાત થતી હોય તો છોડો, તારાં એ વર્ષોનાં સંભારણાં તો લખી શકાય ને?'

'લખીશ... લખીશ, જરૂર લખીશ અને એનો આરંભ પણ મારા હાથમાં, તેજસ્વી નક્ષત્રો સમા શોભતાં આ આંટણ કેમ અને ક્યારે પડ્યાં એ વાતથી જ કરીશ!'

અલબત્ત, આ જરા લાંબો ભૂતકાલીન સંદર્ભ તો છેક બાવીસેક વર્ષો પહેલાંનો છે, પરંતુ એમની વાત-સૂચન મારા મનમાંથી લોપાયાં નથી... એ ક્વચિત્‌ મને ઢંઢોળે પણ છે. એમ થતાં, વરસેક દિવસથી એ લેખનની દિશામાં મન દોડતું રહ્યું છે.

એક બાજુ આ ખેતી-ગોપાલનના લીલમછોયા સંસ્કાર અને બીજી બાજુ સતત વાચન, સહઅધ્યયન, અધ્યાપન તથા લેખન-સંપાદન સમાં કાર્યોથી સતત ઘડાતા રહેલા મારા આવા અનેરા વ્યક્તિત્વને કેળવતાં રહેલાં દૂર-નજીકનાં પરિબળો વિશે વિચારું છું ત્યારે સૌપ્રથમ મારી શિશુવયનાં સ્વજનો, પડોશીઓ અને બાળદોસ્તો એમનાં સ્થળકાળ સમેત આવીને ઊભાં રહે છે. અલબત્ત, તેની સમાંતરે જ ગ્રામદક્ષિણામૂર્તિના બાલમંદિરથી આરંભાઈને નઈ તાલીમની બુનિયાદી પ્રાથમિક શાળા-સણોસરા, સાર્વજનિક કુમાર આશ્રમશાળા-લોકશાળા-વરતેજ, ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા-આંબલા અને લોકભારતી ગ્રામવિદ્યાપીઠ-સણોસરા જેવી, નાનાભાઈ ભટ્ટે સ્થાપેલી અને ચલાવેલી શિક્ષણસંસ્થાઓ, એમાંના સહયાત્રી મિત્રો, અમને માત્ર ગણિત-ગુજરાતી અને ઇતિહાસ-ભૂગોળ જેવા વિષયો જ નહીં, સમગ્ર જીવનલક્ષી કેળવણી આપનારા શિક્ષકો અને અધ્યાપકોનું સ્વાભાવિક સાદર સ્મરણ થઈ આવે છે.

અનુક્રમ

1. મોટી બા ---------- 1
2. મારાં બા : ઊધો ઉ જગ કોઉન મીત ---------- 5
3. પ્રબોધભાઈ : મારા મોટા ભાઈ ---------- 14
4. મારા બચપણની મહોલાત : માલપરા અને સાવરકુંડલા -------- 24
5. રિસાયેલી વાદળીને મનાવી ---------- 27
6. મન-દર્પણે ઝિલાયેલી ચંદ ક્ષણો! ---------- 31
7. પ્રાથમિક શાળામાં પ્રવેશની મઝા ---------- 34
8. શ્વાન સાથે દોસ્તી ---------- 37
9. 'જાને કહાં ગયે વો દિન...' ---------- 38
10. સાકર ભેગાં સૂવાં દો ને! ---------- 43
11. પેલો જાય મેહુલો! ---------- 45
12. કમળાને ઊલટી થઈ ---------- 48
13. સ્વાદની ખટમધુર દુનિયા ---------- 52
14. રતિભાઈ અંધારિયાનું સ્વાગત કર્યાનો આનંદ ---------- 54
15. મોટી બાનો મહામૂલો સમાજવાદ ---------- 55
16. વતનની ધૂળથી માથું ભરી લઉં? ---------- 57
17. એનું નામ તુષાર : ઊડી તો જાય જ ને! ---------- 69
18. હાં... રે દોસ્ત હાલો... મારાં તોફાનો ---------- 78
19. કિશોરવયે મળેલો દેશવટો ---------- 85
20. નકશો દોરતાં ન આવડ્યું ---------- 87
21. લલના મારી માવડી રે લોલ! ---------- 89
22. છોટા સા ઘર હોગા બાદલોં કી છાંવ મેં... ---------- 90
23. પેશાબઘરમાં નામ લખાયાં... ---------- 102
24. મારી શેરીએથી કાનકુંવર આવતા રે લોલ! ---------- 108
25. સફાઈયજ્ઞના શ્રીગણેશ ----------110
26. મારા વાચનરાગે વિસ્તાર્યો છે મને! ----------115
27. ચિત્રકલાનો પ્રથમ પરિચય ---------- 129
28. મન ભરી દેતી નવરાત્રિ ---------- 132
29. એ પ્રદર્શન નિમિત્તે થયેલી કેળવણી ---------- 136
30. સ્વામી (આનંદ) દાદાએ અમને ભણાવ્યા... ----------138
31. જ્યારે સ્વાવલંબનની સમજ કેળવાઈ ---------- 140

32. લક્ષ્મણભાઈનો પ્રથમ પરિચય ---------- 143
33. વરતેજ લોકશાળામાં ખેતીવાડી ---------- 146
34. ના, તારે માસ્તર નહીં, પ્રોફેસર થવાનું છે! ---------- 150
35. મેરો ટાઢો ----------151
36. રમેશ મ. સંઘવી એટલે... ---------- 156
37. મને મળેલી શિખામણો ---------- 160
38. માટીની મહેક ---------- 163
39. વાત્સલ્યનું વહેતું ઝરણું : લાલજીભાઈ નાકરાણી ----------171
40. સ્વાવલંબનની અનેરી મઝા ---------- 177
41. લક્ષ્મણભાઈએ કેળવી સાચી સમજ! ---------- 180
42. રવિશંકરદાદાનો પડછંદ પડછાયો મને ઢાંકતો પથરાયો હતો... ---185
43. સૂકી-ભીની સાંભરણો ---------- 186
44. શિક્ષક થવાનું સદ્‌ભાગ્ય ---------- 192
45. ભાવનગરમાં સ્કૂલ સુપરવાઈઝર ---------- 207
46. અમારાં કંચનમાસી ----------211
47. દિવાસ્વપ્ન સાચું ઠર્યું : વળિયા કૉલેજમાં પ્રાધ્યાપક ---------- 219
48. કોઈ પાવો વગાડતું જાય... ---------- 222
49. ત્રણ કૉલેજમાં એકસાથે ભણાવ્યું ---------- 224
50. મારા મઝાના બે ઈન્ટરવ્યૂ ---------- 227
51. તમારી નિષ્ઠા, દૃઢતા અને નમ્રતા યાદ રહેશે! ---------- 235
52. આમ જ ઘડાતા રહેજો ---------- 238
53. શું ભુલાય ઠાકરસાહેબ? ---------- 239
54. એક ભાઈ હતા... મુકુન્દરાય પારાશર્ય ---------- 246
55. મહાન નહીં પણ માયાળુ : ન. પ્ર. બૂચ(કાકા) ---------- 252
56. શીતળ માનવ્યની ઘટાદાર છાયા : મૂળશંકરભાઈ ભટ્ટ -------- 260
57. વૃક્ષ : મારું મોસાળ ---------- 263
58. મનની વાડી ---------- 268
59. માણ્યું એનું સ્મરણ કરવું... ---------- 278
60. મને રાહ જોવી ગમે છે! ---------- 283
61. ગાનને મારગ ---------- 287
62. જળની સાખે ---------- 292
63. માનસી, હે પ્રિય! ---------- 295
64. વસંત ને ગ્રીષ્મ પ્રિય! ---------- 298
65. વર્ષાકાલે જલધિજલના હોય જાણે તરંગો ---------- 300